અપીલ અરજી નં.૪૯૬તા.૨૦–૧૨–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી જીતેન્દ્રભાઈ પાંચાભાઈ સુરાણી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈએકટ હેઠળ શ્રી જીતેન્દ્રભાઈ પાંચાભાઈ સુરાણીની તા.૨૫– ૧૦–૧૧નીઅરજીથી ડીસ્ટ્રીકટ સુરત,સબ ડી.તથા તાલુકોઃ સીટી સુરતના, મોજે : કરંજના,રે.સ.નં.૪૭ અને ૪૮ ટી.પી. સ્કીમ નં.૩,કરંજમાં આવેલ ઘનશ્યામ નગર સોસાયટી વિ–ર૨ના જમીન બાબતે હમોએ કરેલ તા.૨૩–૦૯–૧૧ ની આરટીઆઈના અરજીના આપના તા. ૨૨–૧૦–૧૧ના જવાબ બાબતે તા.૨૪–૧૦–૧૧ ના રોજ માહિતી માંગતી અરજી કરીને મુદ્દા નં.(૧) આપના તરફથી હમારી તા. ૨૩–૦૯–૧૧ના રોજની આઈ.ડી.નં.૪૮૮ બાબતેના મુદ્દા નં.૩, બાબતે આપે જે ખુલાસા હમોને આપેલ છે, તેમાં જણાવેલ છે કે મજકુર રે.સ.નં. ને ટી.પી. સ્કીમ અન્વયે ફાળવેલ ફા.પ્લોટને લાઈનદોરીની અસર થતી તેમજ મંજુર વિકાસ નકશા–૨૦૦૪ મુજબ રીઝર્વેશન હેઠળ નથી, શું આ જવાબ આપે જરૂરી તમામ રેકર્ડ તથા પુરાવાઓને આધારે આપવામાં આવેલ છે વિ . મુદ્દા નં.(૧)થી (૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૦–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૯૬/૨૦૧૧–૧૨

શ્રી જીતેન્દ્રભાઈ પાંચાભાઈ સુરાણીની તા. ૨૫– ૧૦–૧૧ની અરજીથી ડીસ્ટ્રીકટ સુરત,સબ ડી.તથા તાલુકોઃ સીટી સુરતના, મોજે : કરંજના,રે.સ.નં.૪૭ અને ૪૮ ટી.પી. સ્કીમ નં.૩,કરંજમાં આવેલ ઘનશ્યામ નગર સોસાયટી વિ–ર૨ના જમીન બાબતે હમોએ કરેલ તા.૨૩–૯–૧૧ ની આરટીઆઈના અરજીના આપના તા. ૨૨–૧૦–૧૧ના જવાબ બાબતે તા.૨૫–૧૦–૧૧ ના રોજ માહિતી માંગતી અરજી કરીને મુદ્દા નં.(૧) આપના તરફથી હમારી તા. ૨૩–૦૯–૧૧ ના રોજની આઈ.ડી.નં.૪૮૮ બાબતેના મુદ્દા નં.૩, બાબતે આપે જે ખુલાસા હમોને આપેલ છે, તેમાં જણાવેલ છે કે મજકુર રે.સ.નં. ને ટી.પી. સ્કીમ અન્વયે ફાળવેલ ફા.પ્લોટને લાઈનદોરીની અસર થતી તેમજ મંજર વિકાસ નકશા–૨૦૦૪ મુજબ રીઝર્વેશન હેઠળ નથી, શું આ જવાબ આપે જરૂરી તમામ રેકર્ડ તથા પુરાવાઓને આધારે આપવામાં આવેલ છે વિ . મુદ્દા નં.(૧ ) થી (૫)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી હકીકત નકલ સહ સ્પષ્ટ કરવા તેમજ નકશો ડ્રોઈંગ નહીં હોવાના અરજદારે જણાવેલ પ્રત્યુત્તર અંગે દફતરી હકીકત સ્પષ્ટ કરવા તથા તે સામે આકારણીના નંબરો વિગેરેની રજુઆત અંગે હકીકત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૫૦ તા.૨–૧–૧૨ થી** એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને ફી ભર્યાની વિગત સહ મુળ અરજીમાં નિર્દિષ્ટ તા. ૨૨–૧૦–૧૧ના જાહેર માહિતી અધિકારીના પત્રની નકલ સહ મુદ્દાવાઈઝ નારાજગી આધાર સહ સ્પષ્ટ કરવા સાથે તેમની તા. ૨૩–૯–૧૧ની અરજી સામે નારાજગી જણાવી અત્રે તા. ૨૫–૧૦–૧૧ના નમુના–'ક' ની માહિતીની અરજી રજૂ કરેલ છે ખરેખર અપીલ કઈ અરજી સામે છે તે પણ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૯૧ તા.૩૦–૧–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ તથા અરજદારે તા.૨૩–૯–૧૧ ના રોજ કરેલી અરજી બાબતે આપેલ માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/ ૪૮૮ તા.૧૮–૧૦–૧૧ ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારનેઆપેલ માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ / આરટીઆઈ/આ.નં.૫૯૧ તા. ૨૩–૧–૧૨ ની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૩–૦૯–૧૧ ની અરજી બાબતે આપેલ માહિતી થી ડીસ્ટ્રીકટ સુરત,સબ ડી.તથા તાલુકોઃ સીટી સુરતના, મોજે : કરંજના,રે.સ.નં.૪૭ અને ૪૮ ટી.પી. સ્કીમ નં.૩,કરંજમાં આવેલ ઘનશ્યામ નગર સોસાયટી વિ–૨ના જમીન બાબતેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૮૮ તા. ૧૮–૧૦–૧૧અરજદારને માહિતી આપવામાં આવેલ માહિતી અંગે પૂરક પ્રશ્નો ધ્વારા તા.૨૫–૧૦–૧૧ ના રોજ કરેલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૯૧ તા.૨૩–૧–૧૨ થી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી નિયત સમય અવધિ બાદ અઘટિત વિલંબથી આપવામાં આવેલ છે. મુદ્દા નં.(૧) આપના તરફથી હમારી તા. ૨૩–૦૯–૧૧ના રોજની આઈ.ડી.નં.૪ ૮૮ બાબતેના મુદ્દા નં.૩, બાબતે આપે જે ખુલાસા હમોને આપેલ છે, તેમાં જણાવેલ છે કે મજકુર રે.સ.નં. ને ટી.પી. સ્કીમ અન્વયે ફાળવેલ ફા.પ્લોટને લાઈનદોરીની અસર થતી તેમજ મંજર વિકાસ નકશા–૨૦૦૪ મુજબ રીઝર્વેશન હેઠળ નથી, શું આ જવાબ આપે જરૂરી તમામ રેકર્ડ તથા પુરાવાઓને આધારે આપવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રે.સ. નં.૪૭,૪૮, ટીપી.૩ માંથી ફાળવેલ ફા.પ્લોટ નં.૧૧૫, ૧૧૮ ને કોઈ લાઈનદોરીની અસર થતી નથી જે રેકર્ડ આધારીત માહિતી છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) હમારા મુદ્દા નં.૪ બાબતે આપે જણાવેલ છે કે સ્થળ સ્થિતિ મુજબ નકશો /ડ્રોઈંગ રેકર્ડ પર નથી પરંતુ આપની કચેરી તરફથી હમારી મિલ્કતો બાબતે જે વેરા બીલો ઈસ્યુ કરવામાં આવેલ છે, તેમાં શેરી નંબર સહિતનો ઉલ્લેખ સાથેના આપવામાં આવેલ છે. તો શું આપની મને સ્થળ સ્થિતિ મુજબનો નકશો/ડ્રોઈંગ રેકર્ડ પર નથી તેવું હમોએ માનવાનું રહે છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વેરાબીલમાં જણાવેલ શેરી નંબર જે તે માલિકોના એડ્રેસ મુજબ લખવામાં આવેલ હોય છે જે તે એડ્રેસ મુજબના રેકર્ડ આધારીત ડ્રોઈંગ /નકશા નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) આપે આપના ખુલાસામાં હમોને ફાયનલ પ્લોટમાં રીઝર્વેશન નથી તેવું જણાવેલ છે પરંતુ શું તેની મકાન મિલ્કતો લાઈનદોરીમાં જાય છે કે નહીં જો જતી હોય તો કયા નંબરની મિલ્કત કપાણ થવા પાત્ર છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રેસ. નં.૪૭,૪૮ માં ફા.પ્લોટ નં.૧૧૫ અને ૧૧૮ ફાળવેલ છે જેમાં કોઈ લાઈનદોરી મુકાયેલ નથી. તેવું જણાવેલ છે. (૪) આપે હમારા મુદ્દા નં.૫ માં જણાવેલ છે રીઝર્વેશન હેઠળનો કબ્જો મેળવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે તો આપે જણાવેલ છે કે મજકુર જમીનમાં કોઈ રીઝર્વેશન/ સંપાદનમાં નથી તો પછી મુદ્દા નં.૫ મા જણાવીલ હકીકતોમાં આપે સ્પષ્ટ કહેલ છૈ રીઝર્વેશન હેઠળનો કબ્જો મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે આમ આપે હમોને સ્પષ્ટ જવાબ પુરાવા સાથે આપવો કે રીઝર્વેશન કયા હેતુ માટેનું અને કયા સ્થળે છે અને તેમજ કયા સ્થળનો કબ્જો રીઝર્વેશન હેઠળ મેળવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી સ્કીમ ન.૩ (કરંજ) ના સ. ન.૪૭,૪૮ ના ફા. પ્લોટ પ્રાઈવેટ માલિકના ફાળવેલ છે તે સિવાય ટીપી સ્કીમ મુજબના ઘણા રીઝર્વેશન ફા.પ્લોટના કબ્જા મેળવેલ છે. અને બાકીના દબાણવાળા રીઝર્વેશન પ્લોટના કબ્જા મેળવવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) હું રીઝર્વેશન વાળી કે લાઈનદોરીમાં કપાણ જતી મિલ્કતો બાબતે આપની કચેરી તરફથી આ.સી.ના લઈ શકાય છે કે નહીં.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રીઝર્વેશનવાળા ફા.પ્લોટની માલીકી મહાનગરપાલિકાની રહે છે. પ્રાઈવેટ ફા.પ્લોટમાં આઈ.સી.ના નાણા ભરવાના રહે છે. તેવું જણાવેલ છે. આમ અરજદારે માહિતી નહીં મળ્યા બાબતે અપીલ અરજી કરેલ છે.જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વિલંબથી માહિતી પૂરી પાડવામાં આવેલ હોય અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૩–૦૯–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી જીતેન્દ્રભાઈ પાંચાભાઈ સુરાણી,